# સત્સંગ વિહાર ચેલેન્જ

:: રજૂકર્તા ::
બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય
અમદાવાદ

## પાઠ : ૧૮

## પ્રમુખસ્વામી મહારાજ - જીવન અને કાર્ય



બાળમિત્રો ! આજે પ્રમુખસ્વામી મહારાજના જીવન અને કાર્યને એક વિડીયો દ્વારા માણીએ અને આપણા સગાસંબંધી-મિત્રોને પણ આ વિડીયો બતાવીએ...

વિડિયો દર્શન : Click Here

સને ૧૯૮૮. સ્વામીબાપા અમેરિકાના **લૉસ એન્જલસ** શહેરમાં વિરાજમાન હતા. એક હિંદુ મિત્ર સાથે શ્રી **કાર્લોસ વેગા** નામની **ધનાઢ્ય** વ્યક્તિ સ્વામીબાપાનાં દર્શને આવી. સ્વામીબાપા સાથેની થોડી જ ક્ષણોમાં તેમને દિવ્યતાનો અનુભવ થયો.

તેઓ બોલી ઊઠ્યા, 'સ્વામીજી ! આપની પાસે આવવાથી આજે મને **જિંદગીમાં સર્વપ્રથમ વાર શાંતિનો** ને શીતળતાનો **અનુભવ** થયો છે.' થોડીવાર અટકી તેઓ એક સાથે બોલવા લાગ્યા, 'સ્વામીજી ! **મારી પાસે** બંગલો છે, મોટર છે, પૈસા છે, કીર્તિ છે, **બધું જ છે**... આઈ હેવ એવરીથીંગ... **પરંતુ શાંતિ ?**...'

'આઈ હેવ ગોડ ! (મારી પાસે ભગવાન છે.)' સહજ રીતે સ્વામીશ્રી બોલી ઊઠ્યા. પછી કહે, 'નો મની. (પૈસા નથી.) **આઈ હેવ ગોડ. પાસે ભગવાન રાખ્યા છે, તેમાં બધું જ આવી ગયું !**'

ખરેખર, **સ્વામીબાપા** ભગવાનના ધારક હતા. **આપણું કલ્યાણ કરવા** તેઓ અક્ષરધામથી **પૃથ્વી પર** પધાર્યા હતા.

ચાલો, આ પાઠમાં એમનાં જીવન અને કાર્ય વિશે માહિતી મેળવીએ.

- **બાળપણનું નામ :** શાંતિલાલ
- **જન્મ :** સંવત્ ૧૯૭૮, માગશર સુદ ૮, તા. ૭-૧૨-૧૯૨૧.
- **જન્મસ્થળ :** ચાણસદ (વડોદરા, ગુજરાત)
- **માતાનું નામ :** દિવાળીબા
- **પિતાનું નામ :** મોતીભાઈ

■ **જીવનક્રમ**

| | |
|---|---|
| સને ૧૯૨૧ | : જન્મ |
| સને ૧૯૩૯ | : ગૃહત્યાગ (ઉંમર : ૧૮ વર્ષ) |
| સને ૧૯૪૦ | : શાસ્ત્રીજી મહારાજના હસ્તે ભાગવતી દીક્ષા (ગોંડલ) નામ : **સાધુ નારાયણસ્વરૂપદાસ** |
| સને ૧૯૫૦ | : શાસ્ત્રીજી મહારાજે સંસ્થાના પ્રમુખ બનાવ્યા. (અમદાવાદ) |
| સને ૧૯૭૧ | : યોગીજી મહારાજના ધામગમન બાદ ગુરુપદે આવ્યા. |
| સને ૨૦૧૬ | : પ્રમુખસ્વામી મહારાજનું ધામગમન |

■ **કાર્ય**

૧. ૧,૧૦૦ થી વધુ **મંદિરો** તથા ૨ **અક્ષરધામ**.
૨. ૧,૦૦૦ થી વધુ સુશિક્ષિત **સંતો**.
૩. ૧૭,૫૦૦ થી વધુ ગામોમાં **વિચરણ**.
૪. ૨,૫૦,૦૦૦ થી વધુ ઘરોમાં **પધરામણી**.
૫. ૭,૦૦,૦૦૦ થી વધુ **પત્રો** દ્વારા સૌને માર્ગદર્શન.
૬. **ફોન અને મુલાકાત** દ્વારા લાખોના પ્રશ્નોનું નિરાકરણ.
૭. **સમગ્ર વિશ્વમાં હિંદુ સંસ્કૃતિનો** અને સંસ્થાનો **ભવ્ય ઉદ્‌ઘોષ**.
૮. **ચુનો અને ગિનિસ બુકમાં** અનેકવાર **નામ** ધરાવનાર બી.એ.પી.એસ. સંસ્થાનું નેતૃત્વ.
૯. નાત-જાતના ભેદ વિના **આદિવાસીથી લઈ અમેરિકાવાસી સુધી સૌનું કલ્યાણ**.

■ **જીવનભાવના અને ઉપદેશ**

૧. **બીજાના ભલામાં આપણું ભલું.**
૨. પરસ્પર પ્રીતિ પ્રસરાવે તે ધર્મ.
૩. **શ્રદ્ધા અને ભક્તિ જીવનમાં દૃઢ કરો.**
૪. જીવનમાં સંયમ આવે, એ જ સાચો વિકાસ. **મોટાપુરુષની આજ્ઞા પાળે તેટલો 'પ્રોગ્રેસ'.**
૫. **ભગવાન અને સંતને જાણવા, સમજવા અને રાજી કરવા એ જ બુદ્ધિ.**

■ **અભિપ્રાયો**

૧. 'તમને દીકરા દેનારા મળશે, લાખો-કરોડો રૂપિયા દેનારા મળશે, તમારો રોગ ટાળનારા મળશે, પણ તમારો હાથ ઝાલી તમને **ભગવાન સુધી પહોંચાડનાર પ્રમુખસ્વામી જેવા સંત નહીં મળે**.'

- પૂજ્ય શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી (ભાગવત વિદ્યાપીઠ, અમદાવાદ)

૨. **'પ્રમુખસ્વામી મહારાજે સમાજને જે આપ્યું છે,** તે શબ્દમાં વર્ણવી શકાય તેમ નથી. **તેના માટે** ઈતિહાસનું એક પાનું નહીં, **એક આખો ગ્રંથ રિઝર્વ્ડ (આરક્ષિત) રાખવો પડશે**.'

- પૂજ્ય શ્રી સત્યમિત્રાનંદગિરિજી (સમન્વય કુટિર, હરિદ્વાર)

## પાઠ : ૧૮
# પ્રમુખસ્વામી મહારાજ - જીવન અને કાર્ય

સત્સંગ વિહાર ચેલેન્જ



## ચેલેન્જ ૦૧

### ‘ ભગવાન સુધી પહોંચવાનો માર્ગ...’



જરૂરી સામગ્રી : **પતંગની દોરી, પેન, ભગવાન સ્વામિનારાયણનો ફોટો અથવા મૂર્તિ**

કોણ જોડાશે : **પરિવારના દરેક સભ્યો**

**રીત :** - એક ટેબલ પર મહારાજની મૂર્તિ અથવા ફોટો ગોઠવવો. ટેબલની પાછળ એક વ્યક્તિ હાથમાં બે દોરી લઇને ઊભી રહે.
- દોરીના બીજા બે છેડાઓ રમત રમનાર વ્યક્તિના હાથમાં હોય.
- બંને દોરીની ઉપર પેન ટેકવી શકાય એટલી નજીક બંને દોરી રાખવી. મૂર્તિની પાછળ ઉભેલ વ્યક્તિએ દોરી સ્થિર પકડી રાખવી. રમત રમનાર વ્યક્તિ બંને દોરીને ઉપર-નીચે કરીને પેન ધીરે ધીરે સરકાવી મહારાજની મૂર્તિ સુધી પહોંચાડશે, વચ્ચે પેન પડી જાય તો બીજી વ્યક્તિનો વારો આવશે.
- જે સૌથી ઓછા સમયમાં પેન પહોંચાડે એ વિજેતા ગણાશે.

વિડિયો દર્શન : Click Here



**મનન**

એક નાની વસ્તુને મૂર્તિ સુધી પહોંચાડવામાં પણ કેટલી મહેનત કરવી પડી !
જ્યારે પ્રમુખસ્વામી મહારાજ જેવા પ્રગટ સત્પુરુષ તો આપણા જીવને ભગવાન સુધી પહોંચાડે છે !
આથી જ તેમનો મહિમા કહેતાં શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી કહેતા કે,
‘તમારો હાથ ઝાલીને ભગવાન સુધી પહોંચાડનાર પ્રમુખસ્વામી જેવા સંત નહીં મળે.’

## ચેલેન્જ ૦૨

### ચાર્ટ બનાવો...



જરૂરી સામગ્રી : **ચાર્ટ પેપર, રંગીન પેન, સ્કેચપેન, ફોટોગ્રાફ ચોંટાડવા માટે ફેવિકોલ, કાતર વગેરે.**

કોણ જોડાશે : **તમે અને તમારા ભાઈબહેન**

**રીત :** પાઠ ૧૮માં આપેલ પ્રમુખસ્વામી મહારાજે કરેલ કાર્યને સમાવી લેતો એક આકર્ષક ચાર્ટ બનાવવો. આ માટે જૂના કેલેન્ડર, ન્યૂઝપેપર કટિંગ વગેરેમાંથી જે-તે કાર્યને લગતા ફોટોગ્રાફ, સ્વામીશ્રીના ફોટોગ્રાફ વગેરે કટિંગ કરી ચોંટાડવા. તૈયાર થયેલ ચાર્ટ તમારા રૂમમાં તમને રોજ દેખાય એ રીતે ચોંટાડવો.



**મનન**

સ્વામીબાપાએ કરેલ કાર્ય યાદ રાખવા અને અન્યને પણ તેની વાત કરવી.

## પાઠ : ૧૮
# પ્રમુખસ્વામી મહારાજ - જીવન અને કાર્ય

સત્સંગ વિહાર ચેલેન્જ

**ચેલેન્જ ૦૩**

## મહાપુરુષોને ઓળખીએ



પૂજ્ય શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી





પૂજ્ય શ્રી સત્યમિત્રાનંદગીરીજી

**જરૂરી સામગ્રી :** મોબાઈલ, કાગળ, પેન

**કોણ જોડાશે :** ફક્ત તમે

**રીત :** ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો મહિમા ગાનારા મહાપુરુષોને ઓળખીએ...

### પૂજ્ય શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજી

- શાસ્ત્રીજી પ્રસિદ્ધ ભાગવત કથાકાર હતા. તેમણે દેશ પરદેશમાં અસંખ્ય કથાઓ કરી અનેકને પવિત્ર જીવન જીવવાની પ્રેરણાઓ આપી.
- તેમનું જીવન અત્યંત શુદ્ધ અને પવિત્ર હતું. તેમના અનેક શિષ્યોની સેવામાં તેમણે જીવન વ્યતીત કર્યું.
- સંસ્કૃત ભાષા અને શ્રીમદ ભાગવતનો લાભ સૌ સારી રીતે લઈ શકે, તેનો અભ્યાસ કરી શકે તે માટે અમદાવાદ ખાતે શ્રી ભાગવત વિદ્યાપીઠ, સોલાની સ્થાપના કરી.
- પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના તેઓ અત્યંત ગુણાનુરાગી હતા.

### પૂજ્ય શ્રી સત્યમિત્રાનંદ ગીરીજી

-
-
-
-
- તેઓ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સાથે ખૂબ જ આત્મીયતા અને આદરભાવથી જોડાયેલા હતા.

પૂજ્ય શ્રી સત્યમિત્રાનંદ ગીરીજીનો પરિચય તમારે ઓનલાઈન શોધવાનો છે.
આ બંને મહાપુરુષોનો પરિચય એક કાગળ પર લખી, તેની નીચે તેમણે પ્રમુખસ્વામી મહારાજનો કહેલ મહિમા લખવો. અને પરિવારના દરેક સભ્યોને તે વંચાવવું.



### મનન

**આવા અનેક મહાપુરુષોએ જેમનો મહિમા ગાયો છે તેવા આપણા ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના મહિમાનું મનન કરવું.**

પાઠ : ૧૮

# પ્રમુખસ્વામી મહારાજ - જીવન અને કાર્ય

સત્સંગ વિહાર ચેલેન્જ

બાળમિત્રો, તમે પાઠનું વાંચન પણ કરી લીધું અને ચેલેન્જ દ્વારા તે પાઠની દૃઢતા પણ કરી લીધી.
હવે, તૈયાર થઈ જાઓ આ પાઠની પરીક્ષા આપવા માટે.
નીચે આપેલી લીંક દબાવો અને આ પાઠમાંથી પૂછાયેલા પ્રશ્નોના જવાબ આપો.

ગુજરાતી Click Here

English Click Here




બાળમિત્રો,
સત્સંગ વિહાર ચેલેન્જમાં આપે જે ચેલેન્જ પૂરી કરી તેનો ફોટોગ્રાફ
પાડીને અમને મોકલી આપશો. હવે આગળના દિવસોમાં જે ચેલેન્જ આપને પ્રાપ્ત થશે
તેમાં સિલેક્ટેડ ફોટોગ્રાફ્સ મૂકવામાં આવશે.
ફોટાની અંદર જ તમારું નામ અને શહેરનું નામ અવશ્ય લખીને મોકલશો.
નીચેની લીંક દબાવી તેના ઉપર આપના ફોટોગ્રાફ્સ અપલોડ કરશો.

૧. ચેલેન્જ દીઠ એક જ ફોટોગ્રાફ મોકલશો.
૨. આજની ચેલેન્જ સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી કે પ્રવૃત્તિના ફોટોગ્રાફ મોકલશો નહીં.

ફોટો અપલોડ Click Here

જય સ્વામિનારાયણ